ક્રમાંક : વહટ/૦૧/ક/ફડચો/૧૨૮૫/૦૮
રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ
બ્લોક નં.૧૦, પ્રથમ માળ,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર.
તા. ૧૭/૧૧/૨૦૦૮

**વંચાણે લીધા :**

ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ–૧૯૬૧ની કલમ–૧૬૦(૧) ની જોગવાઈ

**પ્રસ્તાવના :**

ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિની શરૂઆત રાષ્ટ્રમાં થયેલી શરૂઆતની સાથે થયેલી છે. એકસો વર્ષ જુની આ પ્રવૃત્તિ છે. જેમાં સંખ્યાત્મક વૃધ્ધિ જરૂર થઈ છે પરંતુ વૈશ્વીકરણ, ઉદારીકરણ અને ખાનગીકરણના વર્તમાન વાયરાના પ્રવાહોમાં ગુણાત્મક વૃધ્ધિની દિશામાં ગતિ વધારવી તે સમયની માંગ છે. જે પરિપ્રેક્ષ્યમાં પ્રોફેશનલ મેનેજમેન્ટ અને પારદર્શી વહીવટ અગત્યનું પરિબળ ગણાવી શકાય છે.

ગુજરાત રાજયની ૬૦,૦૦૦ જેટલી નોંધાયેલી મંડળીઓ પણ અન્ય આર્થિક એકમોની માફક ધંધાકીય આર્થિક એકમો તરીકે સમગ્ર વિશ્વ એક વૈશ્વિક બજાર બન્યુ છે ત્યારે સ્પર્ધાત્મક રીતે પોતાની પ્રવૃત્તિઓનું સંચાલન હાથ ધરી મહત્તમ ઉત્પાદકતા હાંસલ કરે તે આવશ્યક જ નહી પરંતુ અનિવાર્ય બન્યુ છે. રાજયની સહકારી પ્રવૃત્તિનું માળખુ ત્રિસ્તરીય વહેંચાયેલુ છે, જેમાં પ્રાથમિક સહકારી મંડળીઓ, મધ્યસ્થ સહકારી મંડળીઓ અને ટોચની સહકારી મંડળીઓ એમ ત્રણ માળખામાં સહકારી પ્રવૃત્તિ રાજયમાં કાર્યરત છે. જેથી તેમના વચ્ચે મજબુત સંકલન જરૂરી બને છે. જેથી ભારત દેશની સહકારી પ્રવૃત્તિમાં અમલી એવા સાત સહકારના સિધ્ધાંતો પૈકી ખુલ્લું અને સ્વૈચ્છિક સભ્યપદ અને સભાસદોના લોકશાહી અંકુશ બંને સિધ્ધાંતોના ચુસ્તપણે અમલ કરવાનું સહકારી સંસ્થાઓની નૈતિક તથા વૈધાનિક ફરજ બને છે.

ગુજરાત રાજયમાં સહકારી સંસ્થાઓનો વહીવટ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ–૧૯૬૧ (જેનો હવે પછી ટુંકમાં " અધિનિયમ "તરીકે ઉલ્લેખ થશે.) ગુજરાત સહકારી મંડળીઓ નિયમો ૧૯૬૫ (જેનો હવે પછી ટુંકમાં "નિયમો" તરીકે ઉલ્લેખ થશે.) સંસ્થાના મંજુર થયેલા પેટા કાયદા, સહકારના સિધ્ધાંતો, સંસ્થાને મળતી સક્ષમ ઓથોરીટીની માર્ગદર્શક સુચનાઓ તેમજ સમગ્ર રાજયની સહકારી પ્રવૃત્તિ, સભાસદો અને સંસ્થાના મહત્તમ હિતને ધ્યાને લઈને કરવાનો રહે છે.

ભારત દેશની સહકારી પ્રવૃત્તિમાં અમલી ૭ સહકારના સિધ્ધાંતો પૈકી "ખુલ્લુ અને સ્વૈચ્છિક સભ્યપદ" અને " સભાસદોના લોકશાહી અંકુશ" બંને સિધ્ધાંતોનો ચુસ્તપણે અમલ કરવાની સહકારી સંસ્થાઓની નૈતિક તથા વૈધાનિક ફરજ છે, જે ધ્યાને રાખીને સહકારી કાયદામાં પણ તેને આનુસાંગીક જોગવાઈ કરેલી છે. જેની વિગત નીચે મુજબ છે.

(૧) અધિનિયમની કલમ–૨૨માં કઈ વ્યકિત સહકારી મંડળીમાં સભ્ય થઈ શકે તેની જોગવાઈ કરેલી છે એકટ નં.૧/૨૦૦૮ થી દાખલ કરવામાં આવેલ કલમ–૨૨ (૨) માં સભાસદ થવા માટેની અરજી મળ્યા તારીખથી ૩ માસમાં તેનો નિર્ણય કરી અરજદારને જાણ કરવાની જોગવાઈ કરેલી છે.

(૨) અધિનિયમની કલમ–૨૪માં સભ્યપદ બધાને માટે ખુલ્લુ રહેશે. તેની જોગવાઈ કરેલી છે. સાથોસાથ નિયમોના નિયમ–૧૨માં પણ ખુલ્લા સભ્યપદનો સિધ્ધધાંત સ્વીકારેલો છે અને આ જ નિયમોના નિયમ–૩૩(૧) મુજબ સભાસદને દાખલ કરવાનો નિર્ણય લેવાની સત્તા અધિનિયમની કલમ–૭૩ અને ૭૪ મુજબ યોગ્ય રીતે ચુંટાયેલ / રચાયેલ વ્યવસ્થાપક સમિતિને આપવામાં આવેલી છે.

(૩) સહકારી સંસ્થામાં સભાસદ થવા માટેની અરજી સ્વીકારવાની તેના શેરના નાણાં તથા દાખલ ફી વગેરે સ્વીકારવાની અને આ અરજીની ચકાસણી કરીને

વ્યવસ્થાપક સમિતિ સમક્ષ નિર્ણય માટે રજુ કરવાની ફરજ સહકારી મંડળીના પેટાનિયમ મુજબ મંડળીના મુખ્ય અધિકારી / સેક્રેટરીની છે.

અધિનિયમની કલમ–૨૨, કલમ–૨૪ તથા નિયમોના નિયમ–૧૨ મુજબ કોઈપણ સહકારી મંડળી પુરતા કારણ સિવાય અધિનિયમ અને તેના પેટાકાયદાની જોગવાઈઓ હેઠળ તેના માટે યોગ્ય લાયકાત ધરાવતી કોઈપણ વ્યકિતને તેના સભ્ય તરીકે દાખલ થવાની ના પાડી શકશે નહિ.

છેલ્લા કેટલાક સમયથી કચેરીને એવી રજુઆતો મળી છે કે સહકારી ક્ષેત્રમાં "ખુલ્લુ અને સ્વૈચ્છિક સભ્યપદ" સિધ્ધાંતનો લોકશાહી રીતે અમલ થતો નથી. જેમાં સભાસદ થવા માટેની અરજીનું ફોર્મ વ્યકિતને ન આપવું, સભાસદ અરજીનો અસ્વીકાર કરવો અથવા સ્વીકાર કર્યા પછી તે અરજી અન્વયે જુદી જુદી માહિતીઓ માંગીને તેના નિર્ણયમાં વિલંબ કરવો, સભાસદ અરજી વ્યવસ્થાપક સમિતિ સમક્ષ નિર્ણય માટે રજુ ન કરવી, વ્યવસ્થાપક સમિતિ ધ્વારા પુરતા કારણ આપ્યા સિવાય સભાસદ અરજીને નામંજુર કરતો નિર્ણય લેવો, કરેલ નિર્ણયની અરજદારને યોગ્ય રીતે જાણ ન કરવી વગેરે પ્રકારની કાર્યપધ્ધતિ અપનાવીને સભાસદપણા ઉપર બિનલોકશાહી અંકુશ રાખવામાં આવે છે, જેના કારણે સહકારી ક્ષેત્રે સ્થાપિત હિતોનું વર્ચસ્વ ઉત્પન્ન થાય છે. આ પ્રકારની કાર્યરીતિ પ્રથમ દૃષ્ટિએ અધિનિયમ, નિયમો, પેટાનિયમો તથા સહકારના સિધ્ધાંતોના ભંગ સમાન છે, માટે તેના પર નિયંત્રણ મૂકવું તે, સહકારી ક્ષેત્રમાં સભાસદોના હિત તથા લોકશાહી વહીવટના હિતમાં અત્યંત જરૂરી છે. દેશમાં નાગરિક અધિકારપત્રની સ્થાપના થયા પછી મંડળીના કાર્યક્ષેત્રનો કોઈપણ વ્યકિત લોકશાહી રીતે સહકારી સંસ્થામાં સભાસદ થવા માટે અરજી કરી શકવો જોઈએ, અને નિયત સમયમર્યાદામાં તેની અરજી પર નિર્ણય કરવામાં આવે, તેની વિધીવત રીતે જાણ થવી જોઈએ. જાહેર વહીવટી સુધારણાને ધ્યાને લઈએ તો પણ રાજય સરકારનો એવો અભિગમ રહયો છે કે કોઈપણ પ્રજાજન તરફથી મળેલ ફરિયાદ / રજુઆતનો નિકાલ નિષ્પક્ષ અને પારદર્શક રીતે, રીતે થવો જોઈએ, જેથી રાજયની તમામ પ્રજા એ જ

પ્રકારની ફરિયાદનો સામનો કરી રહી હોય છે, તેનો પણ ઉકેલ આવે. રાજયમાં સુરેન્દ્રનગર જિલ્લાની કાર્યરત સહકારી મંડળીના સંદર્ભે, જેમાં શ્રી દાણાવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ.દાણાવાડા તા.મૂળી જિ. સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.માં સભાસદ થવા માટે અરજી આપેલ અને તેના પર દૂધ સંઘ જરૂરી નિર્ણય કરતો ન હોવાને કારણે અને અનિર્ણાયક પરિસ્થિતિ ઉભી કરેલ. આ દૂધ મંડળીએ નામ.હાઈકોર્ટ સમક્ષ દાદ માંગતી સ્પે.સી.એ. નં. ૫૩૭૮/૨૦૦૮ દાખલ કરેલ, જેમાં નામ.ગુજરાત હાઈકોર્ટે તા.૩૧/૩/૨૦૦૮ના રોજ એવો હુકમ કરેલ છે કે પીટીશનર દૂધ મંડળીની દૂધ સંઘના સભાસદ થવા માટેની અરજી પર જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ સુરેન્દ્રનગરે દૂધ સંઘ તથા દૂધ મંડળીને સાંભળવાની તક આપીને આ અરજી નિર્ણય લેવો. સાથોસાથ એ હકીકત પણ ધ્યાન ઉપર આવેલ છે કે આવી ૧૭૫ દૂધ મંડળીઓની દૂધ સંઘના સભાસદ થવા માટેની અરજીઓ ધી સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., પાસે અનિર્ણિત પડતર છે, જેના પર સંઘે જુદી જુદી માહિતી માંગેલ છે. આ પ્રકારનું ચિત્ર રાજયના અન્ય જિલ્લામાં હોવાની શકયતાઓ છે. સભાસદ અરજી ઉપર નિર્ણય મેળવવા માટે સહકારી પ્રવૃત્તિમાં કાર્યરત પ્રજાજન કે સહકારી મંડળીએ નામ. હાઈકોર્ટ સુધી જવું પડે તે બાબત સહકારી સંસ્થાના લોકશાહી વહીવટના હિતમાં વ્યાજબી જણાતુ નથી. તેમજ જાહેર હિતમાં કોઈપણ રીતે આ પ્રશ્નનું સર્વગ્રાહી નિરાકરણ લાવવું જરૂરી છે. આથી, સહકારી કાયદાની કલમ-૧૬૦(૧) અન્વયે કાર્યરત સહકારી મંડળીમાં સભાસદ દાખલ કરવા બાબતે નીચે દર્શાવેલ આદેશોનું જાહેર હિતમાં ચુસ્તપણે પાલન કરવા આથી આદેશ કરું છું.

**હુ ક મ :**

આથી હું પી.આર.સોમપુરા, આઈએએસ, રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, ગાંધીનગર મને મળેલી સત્તાની રૂએ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૬૦(૧) હેઠળ જાહેર હિતમાં રાજયની તમામ સહકારી મંડળીઓને નીચે મુજબનો આદેશ કરું છું.

(૧) દરેક સહકારી મંડળીએ તેના પેટા નિયમમાં સભ્ય થવા માટેની લાયકાત ધ્યાને લઈને સભાસદ અરજીનો નિયત નમૂનો નકકી કરવાનો રહેશે.

(૨) સભાસદ અરજીનું નિયત ફોર્મ સરળતાથી દરેક વ્યકિતને ઉપલબ્ધ થઈ શકે તેવી વહીવટી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

(૩) સભાસદ અરજી સાથે રજૂ કરવાની થતી વિગતો, આધાર–પુરાવા, શેરના નાણાં તથા દાખલ ફીની રકમની સંપુર્ણ માહિતી અરજી ફોર્મની સાથે વ્યકિતને પુરી પાડવાની રહેશે.

(૪) સભાસદ અરજી સહકારી મંડળીને મળ્યા તારીખથી દિન–૧૫માં તેની ચકાસણી કરી, ખૂટતી વિગતો રજૂ કરવા માટે અરજદારને દિન–૧૫નો સમય આપીને તેની યોગ્ય રીતે જાણ કરવાની રહેશે.

(૫) અરજદાર અધૂરી વિગતે સભાસદ અરજી રજુ કરે તેમજ ખૂટતી વિગતો પુરી પાડવામાં નિષ્ફળ જાય તો શેરના નાણાં તથા દાખલ ફીની રકમ સાથે અરજદારને સભાસદ અરજી પરત દિન–૭માં કરવાની રહેશે.

(૬) સંપુર્ણ વિગતો સાથેની યોગ્ય રીતે મળેલ સભાસદ અરજીની પેટાનિયમ મુજબ ચકાસણી કરીને સહકારી મંડળીના મુખ્ય અધિકારીશ્રીએ આ અરજીઓ મળ્યા તારીખથી મોડામાં મોડુ દિન–૩૦માં વ્યવસ્થાપક સમિતિ સમક્ષ નિર્ણય અર્થે રજુ કરવાની રહેશે.

(૭) યોગ્ય રીતે રજૂ થયેલ સભાસદ અરજીઓ પર વ્યવસ્થાપક સમિતિએ મંજુર અગર પૂરતા કારણો સાથેનો નામંજુરીનો ઠરાવ સભાસદ અરજી મળ્યા તારીખથી મોડામાં મોડુ ૩ માસમાં પસાર કરી, તે ઠરાવની પ્રમાણિત નકલ સાથે કરેલ નિર્ણયની આધારભૂત રીતે અરજદારને જાણ કરવાની રહેશે. જે સભાસદ અરજી મંજુર કરેલ હોય, તેમને નિયત શેર સર્ટિફીકેટ ઈસ્યુ કરવાનું રહેશે.

(૮) આમ, ઉપર જણાવ્યા મુજબની ક્રમાંકઃ (૧) થી (૭)ની કાર્યવાહી સને ૨૦૦૮–૦૯ ના વર્ષમાં પુર્ણ કરી જે તે જિલ્લાના જિલ્લા રજિસ્ટ્રારશ્રીને જાણ કરવાની રહેશે.

સહી/–
( પી.આર.સોમપુરા )
રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, ગુજરાત રાજય,
ગાંધીનગર

**<u>નકલ સવિનય રવાના :</u>**

પ્રતિ,

(૧) ચેરમેન/મેનેજીંગ ડીરેકટરશ્રી, રાજયની ટોચની તમામ સહકારી સંસ્થાઓ
(૨) ચેરમેન/મેનેજીંગ ડીરેકટરશ્રી, જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક, તમામ
(૩) ચેરમેન/મેનેજીંગ ડીરેકટરશ્રી, જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.
(૪) ચેરમેન/મેનેજીંગ ડીરેકટરશ્રી, જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લી.
(૫) ચેરમેન/એકઝીકયુટીવ ઓફિસરશ્રી, જિલ્લા સહકારી સંઘ લી.
(૬) ચેરમેન/મેનેજીંગ ડીરેકટરશ્રી, તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.
(૭) જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, તમામ.
(૮) મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (પંચાયત) સહકારી મંડળીઓ, તમામ.
(૯) મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ડાંગ–આહવા.

**<u>નકલ સાદર રવાના :</u>**

(૧) અંગત સચિવશ્રી, માન.કૃષિ અને સહકાર મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, બ્લોક નં.૧/૭, ગાંધીનગર.
(૨) અંગત સચિવશ્રી, માન. રાજયકક્ષાના સહકાર મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, બ્લોક નં.૨, ગાંધીનગર
(૩) અગ્રસચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૪) નાયબ સચિવશ્રી (અપીલ) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૫) પ્રમુખશ્રી, ગુજરાત સહકારી ટ્રીબ્યુનલ, લાલ દરવાજા, અમદાવાદ.
(૬) ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
(૭) મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી, નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ, અમદાવાદ
(૮) સંયુકત રજિસ્ટ્રારશ્રી/નાયબ રજિસ્ટ્રારશ્રી અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, તમામ
(૯) સંયુકત રજિસ્ટ્રાર અને વિભાગીય સ્પે. ઓડીટર (ઓડીટ) સહકારી મંડળીઓ અમદાવાદ, વડોદરા, રાજકોટ વિભાગ.
(૧૦) સંયુકત રજિસ્ટ્રારશ્રી (ઓડીટ) ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેન્ક લી. અમદાવાદ

(૧૧) સંયુકત રજિસ્ટ્રારશ્રી (ઓડીટ) ગુજરાત સ્ટેટ કો.ઓપ.માર્કેટીગ ફેડરેશન લી. અમદાવાદ.

(૧૨) સંયુકત રજિસ્ટ્રારશ્રી (ઓડીટ) ગુજરાત રાજય કૃષિ અને ગ્રામીણ વિકાસ સહકારી બેંક લી., અમદાવાદ

(૧૩) સંયુકત રજિસ્ટ્રારશ્રી (ઓડીટ) ગુજરાત રાજય સહકારી કોટન ફેડરેશન લી., અમદાવાદ.

(૧૪) જનરલ મેનેજરશ્રી (સહકાર) સરદાર સરોવર નર્મદા નિગમ લી., ગાંધીનગર

(૧૫) કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ, ગુજરાત રાજય, ગાંધીનગર.

(૧૬) ચીફ એકઝીકયુટીવશ્રી, ગુજરાત રાજય સહકારી સંઘ, અમદાવાદ (બહોળી પ્રસિધ્ધિ અર્થે)

(૧૭) વડીકચેરીના તમામ રાજયપત્રિત અધિકારીશ્રીઓ

(૧૮) તમામ શાખા, વડીકચેરી, ગાંધીનગર.

(૧૯) માસ્ટર ફાઈલ, વહીવટ શાખા, વડીકચેરી, ગાંધીનગર.